શાળા કક્ષાએ શાળા વ્યવસ્થાપન સમિતિ (School Management Committee)ની રચના- કર્તવ્યો અને ફરજોમાં ફેરફાર બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા.૦૪/૧૧/૨૦૧૧.

વંચાણેલીધા:-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૨-૩-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક.
(૨) શિક્ષણ વિભાગના તા.૨-૮-૨૦૧૧નાસુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૨૯૫-૨૪૨૫-ક,

સુધારા ઠરાવ:-

વંચાણમાં લીધેલ ક્રમાંક (૧)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૨૨-૩-૨૦૧૧ના ઠરાવ તથા ક્રમાંક (૨)માં દર્શાવેલ તા.૨-૮-૨૦૧૧ના સુધારા ઠરાવ અન્વયે પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવામાં આવેલ છે.

૨. સદરહુ ઠરાવના ફકરા-૨માં શાળા વ્યવસ્થાપન સમિતિના કર્તવ્યો અને ફરજો અંગેની જોગવાઇ કરવામાં આવી છે. સદર ફકરાના પેટા ફકરા-૧૯ અન્વયે શાળા વ્યવસ્થાપન સમિતિને જે નીચે મુજબની સત્તા આપવામાં આવેલ છે તે પહેલાં તાલુકા મામલતદારશ્રીની હતી.

"(૧૯) મધ્યાહન ભોજનના પ્રભાવી નિયંત્રણ માટે મધ્યાહન ભોજન ભોજન સંચાલક, રસોયા અને મદદનીશની નિમણુંક કરવાની તથા તેઓને હટાવવાની સત્તા રહેશે. "

**ઉકત સત્તા હવેથી શાળા વ્યવસ્થાપન સમિતિ પાસેથી પરત ખેંચીને ફરીથી તાલુકા મામલતદારશ્રીને સોંપવામાં આવે છે.**

૩. તા.૨૨-૩-૨૦૧૧ના ઠરાવનો ફકરો-૩ રદ કરવામાં આવે છે.

૪. ઉપર મુજબના ફેરફાર સિવાય સંદર્ભ (૧)માં ઉલ્લેખ તા.૨૨-૩-૨૦૧૧ના ઠરાવ તથા સંદર્ભ(૨)માં ઉલ્લેખ તા.૨-૮-૨૦૧૧ના સુધારા ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.